# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧ /ક્વા-૨/૧૯-૨૦/૬૬૩૭–૮** **તા.૦૪–૧૦–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૫૧ /ક્વા-૨/૧૯-૨૦**

અરજદાર: રાઠોડ રવજીભાઈ ખોડાભાઈ ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર રાઠોડ રવજીભાઈ ખોડાભાઈ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે. મેહતા પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૭-૦૯-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૭-૦૯-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બંને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર રાઠોડ રવજીભાઈ ખોડાભાઈ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૫૧/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે,** અરજદાર શ્રી રવજીભાઈ ખોડાભાઈ ગ્રાહક નં. – ૩૦૬૦૮–૦૫૧૨૭–૬ થી ૦.૫ કીવો નુ ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણના વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯ માં રૂ.૧૭૧૪૬/– નુ ૨૧૯૩ યુનીટ નુ વીજબીલ અપાયેલ છે. સદર મીટર લેબોરેટરીમાં ફોલ્ટી હોય – જેથી અરજદારે તે મુજબ નુ બીલ આપવા અને જયા સુધી ફરીયાદ નુ નિરાકરણ ન આવે ત્યા સુધી વીજજોડાણ ન કાપવા અને વિલંબીત ચાર્જ ન લગાડવા માટે – **અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મવડી રોડ સબડીવીઝનના અરજદાર શ્રી રાઠોડ રવજીભાઈ ખોડાભાઈ ના વીજ કનેક્શન નં-૩૦૬૦૮૦૫૧૨૭૬ ની માહે જુન-જુલાઈ-૧૯ ના ૨૧૯૩ યુનિટ ના વીજ બીલ ની ફરિયાદ અન્વયે મવડી રોડ સબડીવીઝન દ્વારા સદર કનેકશનના મીટર નો એક્યુચેક ટેસ્ટ સ્થળ પર લીધેલ છે જેનો ઉલ્લેખ ચેકિંગ શીટ નં.૩૦૭૬૬૭ તા.૨૦.૦૮.૨૦૧૯ માં કરેલ છે સ્થળ પર નો એક્યુચેક ટેસ્ટ બરાબર આવેલ છે તેમજ સદર મીટર નો એમઆરઆઈ લીધેલ છે. લેબ રીપોર્ટ તા.૨૬.૦૮.૨૦૧૯ આ સાથે સામેલ છે જે મુજબ આપેલ ૨૧૯૩ યુનિટનું વીજ બીલ બરાબર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર શ્રી રાઠોડ રવજીભાઈ ખોડાભાઈ વીજ કનેક્શન નં-૩૦૬૦૮૦૫૧૨૭૬** થી ૦.૫ કીવો નુ ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. **અરજદારને** વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯ માં રૂ.૧૭૧૪૬/– નુ ૨૧૯૩ યુનીટ નુ વીજબીલ અપાયેલ છે **જે ખુબજ વધુ હોઈ અરજદારે સબંધક કચેરીમાં રજૂઆત કરેલ જે અનુસંધાને સામાવાળા દ્વારા તા.૨૦.૦૮.૨૦૧૯ ના રોજ ચેકિંગ રિપોર્ટ નં RCC ૩૦૭૬૬૭ મુજબ સ્થળ ઉપર સદર મીટર સી.નં.PGST ૦૧૪૧૧૬૭૪ એલએન્ડ ટી કંપની જેમાં છેલ્લા રીડીંગ ૧૫૨૩૨ યુનિટ નોંધાયેલ છે. સદર રીપોર્ટ મુજબ MRI રીપોર્ટ ડાઉનલોડ કરેલ છે અને એકયુટેસ્ટ નું પરિણામ +0.૫૧% (within permissible limit) તેમજ RTC ફેઈલ છે જેથી MRI રીપોર્ટ નું લેબ મુજબ એનાલીસીસ કરવું.**

૪.૨ **ઉપરોક્ત બાબતે તા. ૨૦.૦૮.૨૦૧૯ થી સદર મીટર અરજદારની હાજરીમાં બદલાવેલ તેમજ સદર મીટરની લેબોરેટરી પરીક્ષણ માટે અરજદારને તા.૨૬.૮.૧૯ તા.૦૯.૦૯.૧૯ અને ૧૬. ૦૯.૧૯ હાજર રહેવા જણાવેલ જેની વિગત નીચે મુજબ છે**

| Particulars | Old Meter Dt. ૨૦.૦૮.૨૦૧૯ | New Meter Dt. ૨૦.૦૮.૨૦૧૯ | Old Meter-As per MT Lab Dt. ૨૦.૦૮.૨૦૧૯ |
|---|---|---|---|
| Make | L&T | visintek | L&T |
| Meter No | PGST ૦૧૪૧૧૬૭૪ | pgst04411241 | PGST ૦૧૪૧૧૬૭૪ |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | ૧૫૨૩૨ | 00 | 15232 |
| REMARKS | **મીટર રીપ્લેસ્મેન્ટ** નંબરઃ **૭૧૫૦૨૦** – મુજબ જોડેલ કુલ વીજભાર **૨૪૭૪** વોટ બતાવેલ છે. | | |

**ઉપરોક્ત મીટરનું લેબ પરીક્ષણ અરજદારની હાજરીમાં તા.૨૬.૦૮.૧૯ ના રોજ કરવામાં આવેલ તે મુજબ મીટરના ડિસ્પ્લે તપાસતા તા.૨૬.૦૮.૨૦૫૧ અને સમય ૧૦.૦૨ બતાવે છે. જયારે ખરો સમય ૧૦.૧૨ કલાક અને તારીખ ૨૬.૦૮.૧૯ છે.સદર મીટર ની RTC ફેઈલ છે.**

૪.૩ **અરજદારના બીલીગ રેકોર્ડ મુજબ ૦.૫ kw કરારિત વીજભાર ધરાવે છે તેમજ સરેરાશ વીજ વપરાશ અને વર્ષ ૨૦૧૯ માં માસવાર વીજવપરાશ નીચે મુજબ નોંધાયેલ છે.**

| YEAR | AVG CONSUMPTION |
|---|---|
| 2010 | 330 |
| 2011 | 286 |
| 2012 | 277 |
| 2013 | 217 |
| 2014 | 364 |
| 2015 | 573 |
| 2016 | 342 |
| 2017 | 313 |
| 2018 | 190 |

| YEAR | READING | CONSUMPTION |
|---|---|---|
| DEC,JAN BILLED IN FEB-19 | 12240 | 204 |
| FEB,MAR BILLED IN APR-19 | 12568 | 328 |
| APR,MAY BILLED IN JUN-19 | 12925 | 357 |
| JUN,JUL BILLED IN AUG-19 | 15118 | **2193** |
| **2019 - AVG CONSUMPTION** | | **771** |

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે મીટર રીડર દ્વારા રીડીંગ મુજબ બીલ આપવામાં આવેલ છે. સદર મીટરના MRI રીપોર્ટ મુજબ અગાઉના સમયગાળાનો વાસ્તવિક બિલીંગ રેકોર્ડ ઉપલબ્ધ થયેલ નથી. લેબ પરીક્ષણ તા.૨૬.૦૮.૧૯ ના રીપોર્ટ મુજબ સદર મીટર ની RTC ફેઈલ છે. વધુમાં સામાવાળા દ્વારા સદર વીજ જોડાણના વીજ સ્થાપનના મીટરની ચકાસણી અગાઉ કરી હોય તેવા કોઈ પુરાવા પણ રજૂ કરેલ નથી. આમ, મીટર દ્વારા નોંધાયેલ વીજ વપરાશમાં અથવા મીટર રીડર દ્વારા નોંધવામાં આવેલ મીટર રીડિંગમાં ભૂલ હોઈ શકે તેમ જણાય છે.

૪.૫ અરજદારને તા.૧૪.૦૬.૧૯ થી વીજબીલ માહે એપ્રિલ-મે-૧૯ માં ૩૫૭ યુનિટ (૧૨૯૨૫-૧૨૫૬૮) અને તા.૨૧.૦૮.૧૯ થી વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯ માં ૨૧૯૩ યુનિટ (૧૫૧૧૮- ૧૨૯૨૫)નું આપેલ છે. એટલે કે છેલ્લા બીલની તારીખથી કુલ ૬૮ દિવસમાં કુલ વીજવપરાશ ૨૧૯૩ યુનિટ મુજબ પ્રતિ દિવસ ૩૨.૨૫ યુનિટ વીજવપરાશ થયેલ જણાય છે.

ઉપરોક્ત બાબતે મુદ્દા નં. ૪.૪ મુજબ ના સંજોગો અને બીલીગ રેકોર્ડ પ્રમાણે સરેરાશ વીજ વપરાશને ધ્યાને લેતા અરજદારને આપવામાં આવેલ વીજબીલ જુન-જુલાઈ બીલ્ડ ઇન ઓગસ્ટ -૧૯ નું ૨૧૯૩ યુનિટ નું બીલ વાસ્તવિક વીજ વપરાશ જાણતો નથી.

આવા સંજોગોમાં ગુજરાત વિદ્યુત નીયંત્રક આયોગના જાહેરનામા નં.૪/૨૦૧૫ ની કલમ ૬.૫૮ મુજબ વીજબીલની ગણતરી કરવી પડે.

૪.૬ પેરા નં. ૪.૩ માં અરજદારનો વીજ વપરાશ નોંધવામાં આવેલ છે. વધુમાં સામાવાળા દ્વારા સદર વીજ જોડાણના વીજ સ્થાપનના મીટરની ચકાસણી અગાઉ કરી હોય તેવા કોઈ પુરાવા પણ રજૂ કરેલ નથી. મીટરનો વાસ્તવિક MRI data પણ મેળવી શકાયેલ નથી. લેબ પરીક્ષણ તા.૨૬.૦૮.૧૯ ના રીપોર્ટ મુજબ સદર મીટર ની RTC ફેઈલ છે, આવા સંજોગોમાં સામાવાળા દ્વારા આપવામાં આવેલ વીજબીલ વસુલવાપાત્ર બનતું નથી, જેથી જુન–જુલાઈ– ૧૯ માં ૨૧૯૩ યુનિટ નું વીજબીલ રદ્દ કરવાપાત્ર છે. પેરા નં.૪.૫ માં નોંધ્યા મુજબ, મીટર ખામીયુક્ત હોઈ, કલમ ૬.૫૮ મુજબ, અરજદારને વીજબીલ આપવાનું રહશે. કરેલ કાર્યવાહી અંગેનો રીપોર્ટ આ કચેરીને દિન ૩૦ માં મોકલવાનો રહેશે.

૪.૭ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૬ મુજબ વિગતે કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૮ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯